## સંક્ષિપ્ત સમાચાર

### કડોદરામાં યુવકે ઝેરી દવા પી લેતા મોત

પલસાણા : કડોદરા બસ સ્ટેન્ડ ખાતે ૨૪ વર્ષીય યુવક સુરજ વિજયભાઈ જાધવે ૨૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ સાંજે લગભગ ૭:૩૦ વાગ્યાના અરસામાં કડોદરા બસ સ્ટેન્ડ પર ઝેરી દવા પી લીધી હતી. આ ઘટના બાદ તેને તાત્કાલિક કડોદરાની મોદી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ત્યાંથી તેને વધુ સારવાર માટે સુરતની સ્મીમેર હોસ્પિટલના એમ.આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. બે દિવસની સારવાર બાદ, તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ ફરજ પરના ડોક્ટર અંકુરે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના અંગે મૃતકની માતા, જયાબેન વિજયભાઈ જાધવ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. કડોદરા GIDC પોલીસ સ્ટેશને આ મામલે અ.મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કુકરમુંડામાં બંધ ઘરની દિવાલમાં બાકોરું પાડી રૂપિયા ૪,૪૭,૨૧૨ની ચોરી

વ્યારા : કુકરમુંડા શ્રીરામ ચૌકમાં રહેતાં રવિન્દ્ર પ્રહલાદ કુંભારનાં ઘરની દિવાલનું બાકોરૂ પાડી અજાણ્યા ચોર ઇસમો રૂમમાં કબાટનાં મુખ્ય લોકરમાં મુકેલું સોનાનું પેન્ડલ કિ.રૂ.૧૧,૬૦૦ તથા આશરે ૪ લાખ રોકડા તથા કંટોલ માંથી લાવેલા ઘંઉ, ચણા, મીઠું, ચોખા તથા નાનાભાઈ અરવિંદના રૂમમાં કબાટના મુખ્ય લોકરમાંથી ચાંદીની પાયલ, સોનાની વિંટી, સોનાની બાલી તથા એક પીપમાં મુકેલી આશરે ૫૦ કિલો તુવેર અને સોના-ચાંદીના દાગીના, રોક્ડ રૂપિયા અને અનાજ વિગેરે મળી કુલ્લે રૂપિયા ૪,૪૭,૨૧૨ ની ચોરી કરી નાસી છુટ્યા હતા.

### જમીનના ભાગલાના વિવાદમાં ગંગાધરામાં નાનાભાઈનો મોટાભાઈ પર હુમલો

પલસાણા : ગંગાધરાની જીવનદીપ સોસાયટીમાં રહેતા પ્રવિણભાઈ રણછોડભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૪૫) નામના વ્યક્તિએ પોતાના નાના ભાઈ મનસુખભાઈ રણછોડભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૩૫) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, પિતાએ વતનની જમીન વેચીને ભાઈ-બહેનો વચ્ચે પૈસાની વહેંચણી કરી હતી. પરંતુ મનસુખભાઈને સંતોષ ન હતો અને તેમને શંકા હતી કે પ્રવિણભાઈને પિતા તરફથી વધુ પૈસા મળ્યા છે. આ શંકાના આધારે, ૨૫ જુલાઈના રોજ સાંજના સમયે મનસુખભાઈએ પ્રવિણભાઈના ઘરના આંગણે આવીને તેમના જમણા હાથના મસલ્સ પર લાકડી વડે હુમલો કર્યો હતો. આ હુમલા દરમિયાન મનસુખભાઈએ પ્રવિણભાઈને ગાળો ભાંડવા ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટના બાદ પ્રવિણભાઈએ પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અનાવલમાં શીતળા સાતમની ઉજવણી

ભોરીયા : મહુવા તાલુકાના અનાવલ ખાતે શિતળા સાતમની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ વદ છઠના દિવસે, એટલે કે શિતળા સાતમના પવિત્ર પર્વની અનાવલ ગામમાં ભક્તિભાવ અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. મહિલાઓએ પરંપરાગત રીતે ગળ્યા અને ફરસાણના વ્યંજનો તૈયાર કર્યા હતા. આ દિવસે કરવામાં આવતી વાનગીઓને બીજા દિવસે, એટલે કે શીતળા સાતમના દિવસે, શીતળા માતાને ધરાવવામાં આવે છે અને પછી પ્રસાદ તરીકે ગ્રહણ કરવામાં આવે છે.

### કુકરમુંડાનાં યુવાન સાથે ૫૭,૭૧૭ની છેતરપિંડી

વ્યારા : કુકરમુંડાનાં રાજપુર ગામે રહેતાં હિતેષ નાનસિંગ વળવી(ઉ.વ. ૩૫)ને પર્સનલ લોનની જરુર હોય ગુગલક્રોમ પર પ્રધાનમંત્રી મુંદ્રા લોન પેજ સર્ચ કરતા અજાણ્યો ઇસમ મોબાઇલ નં. +૯૧૯૯૯૨૭૪૩૩૪૯ નાએ તેના મોબાઇલ પર વોટસએપ તેમજ સાદો ફોન કરી જુદી જુદી આઇડીનાં NOC VOUCHER જેવા લોન પર અલગ અલગ ટેક્સ બતાવી એસ.બી.આઇ બેંક એકાઉન્ટ તેમજ ધી સુરત ડિસ્ટ્રક્ટ બેંક લિ. એકાઉન્ટમાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન કરાવી કુલ રૂપિયા ૫૭,૭૧૭ ગુગલ-પે તેમજ પે-ટીએમ એપથી ટ્રાન્સફર કરાવી લેતાં આ અજાણ્યા ઇશમો વિરૂધ્ધ ઓનલાઇન છેતરપિંડીનો ગુનો નોંધાયો છે.

### વ્યારા અને ડોલવણમાંથી 12 જુગારી ઝડપાયા

વ્યારા : ડોલવણનાં વાંકલા ગામે મંદિર ફળિયામાં ગંજીપાનાનો જુગાર રમતા ૬ જુગારિયા ઝડપાઇ જતા પોલીસે રૂપિયા ૧૧૬૦નો મુદ્દામાલ કબ્જે લઈ વધુમાં કાર્યવાહી હાથ ધરી છે.જ્યારે વ્યારાનાં બેડકુવાદુર ગામે રેવા ફળિયામાં જુગાર રમતા ૬ જુગારિયાઓની પોલીસે અટક કરી હતી. મળતી માહિતી મુજબ વ્યારાનાં બેડકુવાદુર ગામે રેવા ફળિયામાં જુગાર રમતા ૬ જુગારિયા ધર્મેશ મકનજી ગામીત(ઉ.વ.૩૦)(રહે. ઉંચામાળા ડુંગરી ફળીયું તા.વ્યારા) પ્રતિક રામસીંગ ચૌધરી(ઉ.વ.૨૪), જયેશ અમજી ચૌધરી(ઉ.વ.૪૦) (બંને રહે. બેડકુવાદુર રેવા ફળીયું તા.વ્યારા), ઝમા રેવા ચૌધરી (રહે. મોટીચેર દાદરી ફળીયું તા.માંડવી) તથા વોન્ટેડ રૂસ્તમ ચૌધરી (રહે.કણજા તા.વ્યારા), કૌશિક ગુલાબ ચૌધરી (રહે.બેડકુવાદુર ચોકડી પાસે તા.વ્યારા) ની પોલીસે અટક કરી રોકડા રૂપિયા ૧૨૦૦, અંગઝડતીના રૂપિયા ૭,૩૭૦, બે મોબાઈલ તથા મોટર સાયકલ ૬ મળી રૂપિયા ૯૬,૫૭૦ નો મુદ્દામાલ જપ્ત કરી ૨ને વોન્ટેડ જાહેર કરાયા છે. ઉપરાંત પોલીસે ડોલવણનાં વાંકલા ગામે મંદિર ફળિયામાં જુગાર રમતા ૬ જુગારિયાને ઝડપી લીધા હતા.

### નવાગામમાં ટાવર મુકવાની પ્રોસેસ કરવાના બહાને રૂપિયા 10.65 લાખની છેતરપિંડી

કામરેજ : નવાગામ પાસે મકાનની છત પર ટાવર મુકવાનુ કહીને એક ઈસમે મકાન માલિક પાસે પ્રોસેસ કરવાના માટે રૂપિયા 10.65 લાખ લઈને ફોન બંધ કરી દીધો હતો. ગીરસોમનાથ જિલ્લાના નવાઉગલા ગામના વતની અને હાલ કામરેજ તાલુકાના નવાગામ ખાતે રોયલ ટાઉનશીપમાં મકાન નંબર 175 માં રહેતા અને હિરાનો ધંધો કરતાં જીજ્ઞેશ ચીમન સુખડીયાનું શ્રીજી ઈન્ડસ્ટ્રીયલ નવાગામ ખાતે મકાન ભાડે આપ્યું છે. ત્રણ માસ અગાઉ મકાનના આગળના ભાગે બાંધકામ કરતાં મુકેશ જીવાણી કોન્ટ્રાક્ટર પાસેથી અજાણ્યા ઈસમે ફોન નંબર માંગી જીજ્ઞેશભાઈને ફોન કરી પોતે ઘનશ્યામ લક્ષ્મણભાઈ પટેલ હોવાનું જણાવી મકાન પર ઈન્ડુસ ટાવરનો પોઈન્ટ આવે છે. તમારા ધાબા પર ટાવર નાંખવા માટે ભાડે આપવાના હોઈ તે માટેની વાતચીત કરી ભાડુ રૂપિયા 300000 મળશે કહ્યું હતુ. બાદમાં આગળની કાર્યવાહી કરીશુ તો વધુ ભાડુ મળશે તેમ જણાવી પ્રોસેસ કરવા માટે રૂપિયા 10 લાખનો ખર્ચ થશે. જણાવતા જીજ્ઞેશભાઈ ઓન લાઈન રૂપિયા 10,65,000 મોકલ્યા હતા. બાદમાં પાંચ દિવસ બાદ ફોન બંધ આવતા સાયબર હેલ્પલાઈન ફોન કરીને ફરિયાદ કરી હતી. જે અંગે કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઉચ્છલનાં આનંદપુર ગામમાં 30 હજારની ઓનલાઇન છેતરપિંડી

વ્યારા : ઉચ્છલનાં આનંદપુર ગામે કારબારી ફળીયામાં રહેતાં સુરેશ કિશન ગામીત(ઉ.વ.૪૨)નાં મોબાઈલ ઉપર એક અજાણ્યા નં. ૯૩૫૧૭૨૬૬૩૮ ઉપરથી કોલ કરી ખબર અંતર પુછતા પોતાનો મિત્ર દિપક જેવો આવાજ લાગતા, સબંધી બીમાર છે તેઓને હોસ્પિટલ દાખલ કર્યો છે. જેથી તેઓનાં હોસ્પિટલમાં પૈસા આપવાના હોય પરંતુ એકાઉન્ટમાંથી પૈસા ટ્રાન્સફર થતા નથી. તમારા એકાઉન્ટમા પૈસા ટ્રાન્સફર કરૂ છુ. તેઓએ વોટસએપ ઉપર સ્કેનર ઉપર રૂપિયા 30 હજાર નંખાવી ઓનલાઈન છેતરપિંડી કરતા આ અંગેનો પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

### અંકલેશ્વરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

અંકલેશ્વર : અંકલેશ્વરના ભડકોદ્રા ગામની શાલીમાર સોસાયટીમાં એક મકાનમાંથી જીઆઇડીસી પોલીસે શ્રાવણીયો જુગાર રમતા પાંચ જુગારીયાઓને ઝડપી પાડી રોકડા રૂપિયા 16400 જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ મથકનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન માહિતી મળી હતી કે ભડકોદ્રા ગામની શાલીમાર સોસાયટીમાં રહેતા અમીષ મોદી પોતાના મકાનમાં શ્રાવણીયો જુગાર રમાડી રહ્યા છે,જે માહિતીના આધારે પોલીસે રેઈડ કરતા જુગાર રમતા અમીષ હસમુખ મોદી, અશ્વિન છોટાલાલ ઘીવાલા, વિનોદ કાલિદાસ પટેલ, ભરત માણેકજી મોમાયા અને હિતેશ મગન રાઠોડને ઝડપી લીધા હતા. જીઆઇડીસી પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂપિયા 16400 જપ્ત કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બારડોલીમાં વાસણની દુકાનમાં પ્રચંડ ધડાકો

**વહેલી** સવારે મોટો ધડાકો થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ - ધડાકાના કારણે દુકાનનો સ્લેબ તૂટીને ભોંયરામાં પડ્યો, સગીર કારીગર ગંભીર રીતે દાઝી ગયો



બારડોલી : બારડોલીની શાકભાજી માર્કેટમાં આવેલી એક વાસણની દુકાનમાં વહેલી સવારે મોટો ધડાકો થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ધડાકાના કારણે દુકાનનો સ્લેબ તૂટીને ભોંયરામાં પડ્યો હતો, જેમાં એક સગીર કારીગર ગંભીર રીતે દાઝી ગયો અને ઈજા પામ્યો હતો. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર શુક્રવારે વહેલી સવારે 7 વાગ્યાની આસપાસ બારડોલીના શાકભાજી માર્કેટમાં આવેલી શૈલેષ પારસમલ શાહની 'મનમંદિર વાસણ ભંડાર'માં એક પ્રચંડ ધડાકા સાથે દુકાનનો સ્લેબ ધરાશાયી થઈને નીચે પડી ગયો હતો. ધડાકાનો અવાજ સાંભળી સવારમાં શાકભાજી માર્કેટમાં આવેલા વિક્રેતાઓ અને અન્ય દુકાનદારોમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો બચાવ કામગીરી માટે આવી પહોંચ્યા હતા. થોડી વારમાં બારડોલી ફાયર વિભાગની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે ધડાકાના કારણે દુકાનનો તળિયાનો સ્લેબ સંપૂર્ણપણે ધરાશાયી થઈને તે ભોંયરામાં પડ્યો હતો. કાટમાળમાં એક સગીર કારીગર ફસાયેલો જોવા મળ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરીને કાટમાળમાંથી 17 વર્ષીય રેહાન ઈમરાન પીંજારા (રહે. તલાવડી, બારડોલી)ને બહાર કાઢ્યો હતો. દાઝી જવા અને ગંભીર ઈજાઓ થવાને કારણે તેની હાલત નાજુક જણાતા તેને પહેલા બારડોલીની સરદાર હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ધડાકાના કારણે દુકાનમાં રાખેલો સામાન વેરવિખેર થઈ ગયો હતો અને ઘણું મોટું નુકસાન થયું હતું. ફાયર વિભાગની ટીમે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે પણ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.

#### ગેરકાયદે ગેસ રિફિલિંગની શંકા

વાસણની દુકાનમાં થયેલા ધડાકા બાદ અનેક શંકા-કુશંકાઓ ઉભી થઈ છે. સ્થાનિક લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ધડાકો ગેસ સિલિન્ડર રિફિલિંગ દરમિયાન થયો હોઈ શકે છે. જોકે, ફાયર વિભાગ કે પોલીસ તરફથી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. પોલીસ દ્વારા આ ઘટનાની વધુ તપાસ ચાલી રહી છે.

# વાલોડમાં આદિવાસી પંચનાં લાલસિંગે સરપંચ પાસે ૩૦ લાખ માગ્યાની ફરિયાદ

**તમામ** કામોમાં ભ્રષ્ટાચાર થયો છે કે કેમ? તે બધુ ભુલી જવા, પતાવતનાં નામે રકમ માંગી હોવાનો આરોપ

વ્યારા : વાલોડ આર.બી.પ્લાઝા ખાતે આદિવાસી પંચની ઓફિસમાં તા. ૭/૧/૨૦૨૫નાં રોજ સવારે ૧૧ વાગ્યાથી તા. ૪/૭/૨૦૨૫નાં રોજ ૧૧:૩૦ વાગ્યા સુધી દાદરીયાના સરપંચ મહેન્દ્ર ધનસુખ ગામીત(રહે. દાદરીયા ઉપલુ ફળીયુ તા.વાલોડ જી.તાપી) પાસેથી બળજબરી પૈસા પડાવવા દાદરીયા ગ્રામ પંચાયત વિરૂધ્ધ ભ્રષ્ટાચારની આક્ષેપો વાળી અરજી કરાવડાવી વાલોડ તાલુકાના દરેક ગામમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર થયો છે તે બાબતે કોઈ કાર્યવાહી નહીં કરી પતાવટના કુલ રૂપિયા ૩૦ લાખની ગેરકાયદેસર રીતે માંગણી કર્યાનો ગુનો લાલસિંગ ગામીત વિરૂધ્ધ વાલોડ પોલીસ મથકે નોંધાયો છે.

સરપંચ મહેન્દ્ર ગામીતે જણાવ્યુ છે કે, અપ્લેશ અરવિંદ ગામીત (રહે, દાદરીયા મંદિર ફળીયું તા.વાલોડ જી.તાપી)એ દાદરીયા ગ્રામ પંચાયત વિરૂધ્ધ ભ્રષ્ટાચારની અરજી તાલુકા વિકાસ અધિકારી વાલોડને કરી હતી. આ ભ્રષ્ટાચારના આક્ષેપવાળી અરજીની તપાસ હાલ ચાલુ છે. ગઈ તા.૦૪/૦૭/૨૦૨૫ નાં રોજ સવારે ૧૦:૪૬ વાગે વાલોડ આર.બી. પ્લાઝા ખાતે મોબાઈલ ફોનમાં વોઈસ રેકોર્ડર એપ્લિકેશનમાં વોઈસ રેકોર્ડીંગ ચાલુ કરી મોબાઈલ શર્ટના ખીસ્સામાં મુકી તેઓ લાલસીંગની ઓફીસમાં ગયા હતાં.

લાલસીંગે ગામીત બોલીમાં જણાવ્યુ હતુ કે વાલોડ તાલુકાના ૪૦ ગામડાઓના ૩૦ લાખ ગણતા હોય તો અમે વાલોડ તાલુકામાં તમામ કામોમાં ભ્રષ્ટાચાર થયેલો છે કે કેમ? તે બધુ ભુલી જઈશુ. મોડે સુધી શોટ આઉટ કરી પતાવટ કરજો વિગેરે વાતનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

# ભરૂચ જિલ્લા પંચાયત સહિત નવ તાલુકા પંચાયતની બેઠકનું જાહેરનામું

**ભરૂચ** જિલ્લા પંચાયતમાં કુલ 34માંથી 17 બેઠકો જનરલ

**જાહેરનામું** બહાર પડતા રાજકીય પક્ષો અંકગણિત માંડવા માંડ્યા

ભરૂચ : ભરૂચ જિલ્લા અને તાલુકા માટે વહીવટી તંત્રએ જાહેરનામું બહાર પાડી દીધું છે. ભરૂચ જિલ્લા પંચાયત અને નવ તાલુકા પંચાયતનું જાહેરનામું બહાર પાડતા રાજકીય ચોકઠાં ગોઠવવા માંડ્યા છે.

ભરૂચ જિલ્લા પંચાયતમાં કુલ 34 બેઠકોમાંથી 17 બેઠકો જનરલ જાહેર કરવામાં આવી છે. જ્યારે નેત્રંગ તાલુકા પંચાયતને છોડતા તમામ આઠ તાલુકા પંચાયતમાં જનરલ (અનરીઝર્વ) બેઠકો જાહેર કરી છે.

લગભગ ડીસેમ્બર મહિનામાં પંચાયતોની મુદ્દત પૂરી થતા વહીવટી તંત્રએ કમર કસી છે. જિલ્લા અને તાલુકા પંચાયતના બેઠકોનું જાહેરનામું ગત-23મી જુલાઈનાં રોજ સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

જેમાં ભરૂચ જિલ્લા પંચાયતમાં કુલ 34 બેઠકો નક્કી કરવામાં આવી છે. 1 બેઠક SC, 13 બેઠક ST (7 બેઠકો મહિલા), 3 બેઠક OBC (2 બેઠકો મહિલા) અને 17 બેઠક જનરલ (અનરીઝર્વ) (8 બેઠકો મહિલા) જાહેર કરવામાં આવી છે.

#### તાલુકા પંચાયતની બેઠકોનું આવી રીતનું છે જાહેરનામું

આમોદ તા. પંચાયતમાં કુલ 16 બેઠકોમાં પૈકી 1 બેઠક SC, 5 બેઠક ST(3 બેઠકો મહિલા), 2 બેઠક OBC (1 બેઠક મહિલા) અને 8 બેઠક જનરલ (4 બેઠકો મહિલા)નો સમાવેશ થાય છે. અંકલેશ્વર તા.પંચાયતમાં કુલ 26 બેઠકો પૈકી 1 SC,8 ST (3 બેઠકો મહિલા), 4 OBC (2 બેઠકો મહિલા) અને 13 જનરલ (7 બેઠકો મહિલા)નો સમાવેશ છે. ભરૂચ તા.પંચાયતમાં કુલ 30 બેઠકો પૈકી 1 (મહિલા) SC, 7 ST(4 બેઠકો મહિલા), 7 OBC (3 બેઠકો મહિલા) અને 15 જનરલ (7 બેઠકો જનરલ) નો સમાવેશ છે. હાંસોટમાં કુલ 16 બેઠકો પૈકી 1 SC,5 ST 2 (3 બેઠકો મહિલા) OBC (1 બેઠક મહિલા) અને 8 જનરલ (4 બેઠકો મહિલા)નો સમાવેશ, જંબુસર તા.પંચાયતમાં 22 બેઠકો પૈકી 1 SC, 3 ST (2 બેઠકો મહિલા), 6 OBC (3 બેઠકો મહિલા) અને 12 જનરલ (6 બેઠકો મહિલા) નો સમાવેશ, ઝઘડિયા તા.પંચાયતમાં 22 બેઠકો પૈકી 1 SC, 14 ST, 2 OBC અને 5 જનરલનો સમાવેશ, નેત્રંગ તા.પંચાયતમાં 1 SC, 14 ST (7 બેઠકો મહિલા) અને 4 OBC (1 બેઠક મહિલા), વાગરા તા.પંચાયતમાં 18 બેઠકો પૈકી 1 (મહિલા) SC, 12 ST(2 બેઠકો મહિલા), 4 OBC (2 બેઠકો મહિલા) અને 8 જનરલ (4 મહિલા)નો સમાવેશ અને વાલીયા તા.પંચાયતમાં કુલ 16 બેઠકો પૈકી 1 SC, 12 ST (6 બેઠકો મહિલા), 2 OBC (1 બેઠક મહિલા) અને 1 (મહિલા) જનરલનો સમાવેશ થાય છે.

# પલસાણાના જુગારધામ પર પોલીસ ત્રાટકી: ૧૫ આરોપીની ધરપકડ

**આ** કાર્યવાહીમાં પોલીસને ૧,૫૨,૬૦૦નો મુદ્દામાલ મળી આવતા તમામ વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં આવેલા જોળવા ગામ પાસે પોલીસે એક જુગારધામ પર દરોડો પાડીને ૧૫ આરોપીઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહીમાં પોલીસને કુલ રૂપિયા ૧,૫૨,૬૦૦નો મુદ્દામાલ મળી આવ્યો છે. પોલીસે તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુરૂવારના રોજ સાંજે ૬:૩૦ વાગ્યા આસપાસ જોળવા ગામમાં આવેલા મંગલમૂર્તિ એસ્ટેટ પાસેના અજય કોમ્પ્લેક્સની સામે એક ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો તીન પત્તીનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી પોલીસને મળી હતી.

બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં ઘટનાસ્થળેથી ૧૫ જેટલા આરોપીઓને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ આરોપીઓમાં સુશાંત લડુ નાહક, દીબાન અપુલી પરીદા, રમેશભાઈ અભિમન્યુ પ્રધાન, ભરત ગદાધર જેના, જલંધર પ્રભાકર બિસોઈ, પંચુ સત્યવાન ગૌડા, પીન્ટુ અનાથ પાનીગ્રાહી, સન્યાસી કાશીનાથ પ્રધાન, પ્રશાંતકુમાર કાર્તીક જેના, પરશુરામ ગંગારામ જેના, શુશાંત મહેશ્વર શાહુ, સંદિપ મુખરામ રાવ, બાબલાભાઈ ઉદયભાઈ ગૌડા, બિદેશ કૃષ્ણ બરાડ અને રતીલાલ કબીરાજ જેનાનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ જુદા જુદા સરનામે જોળવા અને તેની આસપાસના વિસ્તારમાં રહેતા મજૂરીકામ કરનારા લોકો છે.

પોલીસે ઘટનાસ્થળેથી જુગારના દાવ પરથી રોકડા રૂપિયા ૧૦,૧૦૦, આરોપીઓની અંગ ઝડતીમાંથી રૂપિયા ૨૭,૫૦૦ અને રૂપિયા ૧,૧૫,૫૦૦ની કિંમતના ૧૩ મોબાઈલ ફોન તથા અન્ય સમાન મળી કુલ 1,52,600 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# ઉમરાખમાં નજીવી બાબતે પાડોશીઓ વચ્ચે મારામારી

**સામાન્ય** બોલાચાલી બાદ મામલો બિચક્યો અને મારામારી થતા એકબીજાને મારી નાખવાની ધમકી

બારડોલી: બારડોલીના ઉમરાખની શિવાંતા હોમ્સ સોસાયટીમાં બે પાડોશી પરિવારો વચ્ચે બોલાચાલી બાદ મારામારી થઈ હતી. આ ઘટનામાં બંને પક્ષોએ માર મારવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આરોપ લગાવ્યા છે. બંને પરિવારોએ બારડોલી ગ્રામ્ય પોલીસ મથકે સામસામી ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ ફરિયાદમાં, 23 વર્ષીય જયશ્રીબેન મહેશભાઈ સૂર્યવંશીએ જણાવ્યું હતું કે તેઓ બુધવારે સાંજે માતા સાથે ઘરના ઓટલા પર બેઠા હતા. તે સમયે તેમની પાડોશી આશાબેન સંતોષભાઈ આહીરે ત્યાંથી પસાર થતાં તેમને અપશબ્દો કહી ધંધો કરવા ચાલવા માટે કહ્યું હતું. જયશ્રીબેને વિરોધ કરતાં આશાબેને તેમના વાળ ખેંચીને ઝપાઝપી કરી અને માર માર્યો હતો. આરોપ મુજબ, થોડીવારમાં આશાબેનની દીકરી દિવ્યાબેન પણ ઝાડુ લઈને આવી પહોંચી હતી અને જયશ્રીબેન તથા તેમની માતાને માર માર્યો હતો. બાદમાં, દિવ્યેશભાઈ શિંદે નામના અન્ય એક શખ્સે તેમના ઘરે આવીને તેમને અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ફરિયાદના આધારે પોલીસે આશાબેન આહીરે, દિવ્યાબેન આહીરે અને દિવ્યેશભાઈ શિંદે વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

બીજી તરફ, 40 વર્ષીય આશાબેન સંતોષભાઈ આહીરે પણ વળતી ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું કે બુધવારે સાંજે તેઓ કરિયાણાની દુકાનેથી દૂધ લઈને ઘરે પાછા ફરી રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં મીનાબેન ગંગારામ શિંદે, જયશ્રીબેન સૂર્યવંશી અને ટીનાબેન ગંગારામ શિંદેએ તેમને રોકીને કોઈ કારણસર બોલાચાલી કરી હતી. આરોપ મુજબ, આ ત્રણેયએ ભેગા મળીને આશાબેન સાથે ગાળાગાળી અને ઝપાઝપી કરી, થપ્પડ મારી અને તેમને જમીન પર પાડી દઈ ઢીક-મુક્કીનો માર માર્યો હતો. તેમણે અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મારામારીમાં આશાબેનને ચક્કર આવતાં બારડોલીની સત્યાગ્રહ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આશાબેનની ફરિયાદના આધારે પોલીસે મીનાબેન શિંદે, જયશ્રીબેન સૂર્યવંશી અને ટીનાબેન શિંદે વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આ બંને કેસની તપાસ આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર નિતેશ ગામીત કરી રહ્યા છે.

# કડોદરામાં યુવકનો ફોન હેક, OTP કે લિંક વિના જ ક્રેડિટ કાર્ડમાંથી 49,980 રૂપિયા ઉડી ગયા

**યુવકને** જાણ થઈ ત્યારે મોડું થઈ ચૂક્યું હતું, રકમ દિલ્હીની કંપનીના નામે ટ્રાન્સફર થઈ ગઈ

પલસાણાઃ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડના એક ગંભીર કેસમાં રોશનદિપ ક્રુપેશકુમાર સુરાણા (ઉ.વ. ૨૫) નામના યુવકના ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૪૯,૯૮૦ની ઓનલાઇન કપાઈ ગયા છે. આ મામલે અજાણ્યા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૩૧૯(૨), ૩૧૮(૪) અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ-૨૦૦૦ ની કલમ-૬૬ ડી હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર પલસાણા તાલુકાના કડોદરા ખાતે અરિહંત પાર્ક સોસાયટીમાં ખેતેશ્વર રેસિડેન્સીમાં રહેતા અને મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાના રહેવાસી રોશનદિપ કૃપેશસિંહ સુરાણા (ઉ.વ.25) પાનબીડીનો ગલ્લો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત ૯મી જુલાઈના રોજ તેનો મોબાઈલ ફોન કોઈ અજાણ્યા ઈસમ દ્વારા હેક કરવામાં આવ્યો હતો. હેકરે રોશનદિપના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બચત ખાતા સાથે જોડાયેલા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને એક પણ ઓટીપી કે લિંક વગર રૂ. ૪૯,૯૮૦ ટ્રાન્સફર કરી લીધા હતા. આ રકમ એસ.એસ. એન્ટરપ્રાઈઝ, દિલ્હીના નામે ICICI બેંકના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. રોશનદિપને આ ઘટનાની જાણ થતાં, તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. ઓનલાઈન ફરિયાદ બાદ ગુરુવારના રોજ આ અંગે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# અંકલેશ્વરમાં પત્નિની હત્યા કરનાર પતિને આજીવન કેદ

અંકલેશ્વર : અંકલેશ્વરમાં પતિએ પત્નિનું ગળુ દબાવી હત્યા કરતા પતિને આજીવન કેદની સજા ફટકારી હતી. અંકલેશ્વરની સિધ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા નંદકિશોર શર્માએ પત્નિ મમતાદેવીનું ગળુ દબાવી હત્યા કરી દીધી હતી. જેનો પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થતા નંદકિશોર શર્મા વિરૂધ્ધ હત્યાનો ગુનો દર્જ કર્યો હતો.

આ ગુનામાં જજ એસ. પી. રાહતકરે સરકારી વકીલ ચેતન મોદીની દલીલોને ગ્રાહ્ય રાખતા આરોપી પતિને આજીવન કેદની સજા ફટકારી હતી. હત્યાના બીજા દિવસે મૃતક મમતાદેવીના મૃતદેહને અંતિમ ક્રિયા અર્થે નર્મદા નદી કિનારે લઈ જવાયો હતો ત્યારે મૃતકના પતિના છાતીના ભાગે બેન્ડેડ લગાડી હતી તે અંગે મૃતકના ભાઈએ બનેવીને પુછતા તેઓએ વાગ્યું છે. એમ જણાવતા શંકા જતા બેન્ડેડ ઉખાડીને જોતા ત્યાં રાનીના નામનુ ટેટુ હતુ. આથી સાળાની શંકા વધુ ગાઢ બનતા તેણે પોલીસને જાણ કરતા પોલીસ મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડતા તેણીનું મૃત્યુ ગળુ દબાવવાના કારણે નિપજ્યું હોવાનુ સામે આવતા પોલીસે પતિમા અટકાયત કરી હતી.


Milano MULTIPLEX

બારડોલી

Son Of Sardar-2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm

Dhadak 2
12:00pm, 06:00pm

Saamrajya : 11:00am

Saiyaara
02:00pm, 05:00pm, 09:00pm

Mahavatar Narasimha
03:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે

૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં સોલાર પ્રોજેક્ટ માટે

ડોલવણ:- ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર, પાટી, પાઠકવાડી, સિંઘાઈ (૨૨ થી ૨૫ વીંઘા)

અનેક અલગ ખેડૂતો, અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.

મોબાઈલ નંબર: ૯૭૧૨૩ ૯૯૫૧૬

Shree Ganesh Khand Udyog Sahakari Mandli Ltd.

At.Po. Vataria, Tal.Valia, Dist.Bharuch

Phone: 02643-257100, 257123, Fax-02643-257170, Email: shreeganeshssk@gmail.com

REQUIRED

| Sr. | Position | No. | Qualification | Experience |
|---|---|---|---|---|
| 1 | Chief Engineer | 1 | BE / B.Tech, D.M.E. [Mech] | 5 Yrs. Exp. In Sugar ind. |
| 2 | Chief Chemist | 1 | B.Sc. ANSI/AVSI [Sugar Tech] | 5 Yrs. Exp. In Sugar ind. |
| 3 | Asst. Engineer | 1 | BE [Mech] / DME | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 4 | Electric Engineer | 1 | BE.Electrical/ DE Electrical | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 5 | Electric Supervisor | 2 | DE Electrical | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 6 | Mfg. Chemist | 1 | B.Sc. Chemistry & ANSI/AVSI [Sugar Tech] | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 7 | Lab Chemist | 2 | B.ScWith Chemistry / Diploma in Environmental Sc. | Min 3 Yrs. As Lab Chemist |
| 8 | Turbine Operator | 2 | 10th Pass / ITI Fitter | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 9 | Boiler Attn. I st Class | 3 | 1st Class Boiler Attend. | Min 3 Years Exp. |
| 10 | Boiler Attn. 2 nd Class [Fireman] | 1 | 2nd Class Boiler Attend. | Min 3 Years Exp. |
| 11 | Pan - In charge | 3 | 10th Pass & SBCC from NSI/VSI | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 12 | Asst. Pan Man / Pan Boy | 6 | 10 Pass & SBCC from NSI/VSI | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 13 | Wireman | 4 | ITI Pass in Electrician /Wireman | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 14 | Switch Board Operator | 4 | ITI Pass in Electrician /Wireman | 5 Yrs. Exp. In Sugar ind. |
| 15 | Waterman | 4 | 2nd Class Boiler Attend. | Min 3 Years Exp. |
| 16 | Wireman Helper | 6 | 10 th Pass | Min 3 Years Exp. |
| 17 | Clerk | 4 | B.A. / B. com. | Min 3 Years Exp. |
| 18 | Instruments Mechanic | 1 | ITI Instrument | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 19 | Centrifugal Mate Opp.[A] | 1 | 10 Pass | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 20 | Centrifugal Mate Opp.[B] | 1 | 10 Pass | 3 TO 5 Yrs. Exp. In Sugar ind. |
| 21 | Mill Fitter | 1 | ITI Fitter | Min 3 Years Exp. |
| 22 | Welder | 2 | ITI Welder | Min 3 Years Exp. |
| 23 | Carpenter | 1 | 10 Pass | Min 3 Years Exp. |
| 23 | Mason | 1 | Boiler Bricks Works Exp | Min 3 Years Exp. |
| 24 | Oil man Turbine | 2 | 10 Pass | Min 3 Years Exp. |

Interested candidates are requested to send their application within 15 days on publication of this advertisement with complete Bio-data stating qualification experience, present & expected salary, addressed to the Ic. Managing Director at the above address. Candidate age should be between 18 to 35 years.

Place : VATARIA, Date: 02/08/2025

Ic. MANAGING DIRECTOR